લેખાંક-૩૯

# વિદેહ અમરત્વ - વ્યાસપુત્ર શુકદેવજી

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અપ્સરા રંભાથી છુટકારો મેળવીને શુકદેવજી ફરી મિથિલાનગરી તરફ પ્રયાણ કરે છે. ત્યાં રસ્તામાં તેમને નારદજીનો ભેટો થાય છે. નારદજી પણ પિતા વેદવ્યાસની જેમ જ સંસારમાં રહી મોક્ષપ્રાપ્તિની સમજણ આપતા કહે છે કે, પંચભૂતોનું અસ્તિત્વ આ આખી સૃષ્ટિ પર છે. ધારીલો કે તમે ઘર છોડો પરંતુ આ પંચભૂત રૂપી શરીરનું શું કરશો? જ્યાં શરીર છે ત્યાં વાસના જોડાયેલી રહેવાનીજ. તેનું શું કરશો? માટે શ્રેષ્ઠ માર્ગ એ છે કે તમે ગૃહસ્થાશ્રમમાં રહીને જ પ્રભુપ્રાપ્તિ અને મોક્ષને લગતા જે પ્રયત્નો કરવા હોય તે કરો. શુકદેવજી વિચારે છે કે આવા જ વચન મારા પિતાશ્રી પણ મને સમજાવે છે આથી તેઓ નારદજીને કહે છે,

“આવા વચન મુજ તાતના,
સુની આવીયો નાસી અહિ;
તો તમે પણ કહો તે જ કે,
મુજને જરાપણ રુચે નહિ;
આવો મનુષ્ય અવતાર મોંઘો,
શું મળે વળતી ફરી?
સંસારમાં સુખ જાણીને,
હવે બંધાઉ ના હાથે કરી”.

નારદજી જવાબમાં કહે છે,

“બંધન તણી શંકા કરી,
હાથે કરી તમે દુઃખી થાવ છો;
માતા પિતાને દુઃખ દઈ,
સુખિયા થવા વન જાવ છો!
આ જડ જગત સ્થુળ દ્રષ્ટિએ,
જે દ્રશ્યમાન જણાય છે;
અદ્રશ્ય આત્મારામ નવ,
તેથી કદી બંધાય છે;
નથી દેહ આત્મા ઇન્દ્રિયો,
કારણ કઈ બંધન તણું;



છે માત્ર બંધન મોક્ષનું,
કારણ મન જ પોતા તણું”.

હવે નારદજીની વાત સાથે સહમત થઈને શુકદેવજી બોલ્યા કે મારા પિતા પણ આપ કહો છો તેવું જ સમજાવતા હતા. ત્યારે નારદજી ભારપૂર્વક સમજાવે છે કે તમારા પિતા મહર્ષિ વ્યાસજી ખુબ જ્ઞાની પુરુષ છે, એમણે તમને જે કહ્યું છે તે સંપૂર્ણપણે સત્ય છે. માટે આપ પાછા પિતાશ્રીના આશ્રમમાં પધારો અને માતા પિતાની ચિંતા દુર કરો.

આ સાંભળી શુકદેવજીને ફરી પાછો વૈરાગ્ય યાદ આવે છે અને નારદજીને કહે છે કે, ‘હે ભગવંત! મેં તો તમને ભગવાનનું ઘર બતાવવાનું પૂછ્યું હતું અને તમે તો મને માયાનું ઘર દેખાડો છો!’

ત્યારે નારદજી એક અલૌકિક સત્ય ઉદાહરણ દ્વારા સમજાવતા કહે છે કે ભગવાનની માયા કઈ ભગવાનથી જુદી નથી. શુકદેવજીના ગળે આ વાત ઉતરતી નથી. ત્યારે નારદજી ભારપૂર્વક શબ્દો દ્વારા કહે છે,

“નથી આ બોલ જરી ખોટો,
ઓ બાલમુનિ નથી બોલ ખોટો;
વૈકુંઠ મહિ વિષ્ણુ અને લક્ષ્મી,
વળી બ્રહ્મા સાવિત્રીનો જોટો;
માયા મહેશ્વર જુદા નથી,
છે મહિમા માયાનો મોટો”.

શુકદેવજી વળતી દલીલમાં જાણે કે નારદજી પર પ્રહાર કરતા કહે છે,

“ભલ ભલા એ ભૂલ ખાધી સંસારમાં,
ચાખી માયાનો સોટો;
શાને તમે બ્રહ્મચારી રહ્યા?
હતો જગતમાં કન્યાનો શું તોટો?”

આ પ્રમાણે માયાનો પક્ષ લઈને યેનકેન પ્રકારે શુકદેવજીને સમજાવતા હતા, ત્યારે શુકદેવજીએ કહ્યું, “મહારાજ! તમે તો ‘પરોપદેશે પાન્ડીત્યમ’જેવું કરો છો. મને સંસારમાં રહેવાની ભલામણ કરો છો તો પછી પોતે શા માટે બ્રહ્મચારી રહ્યા તે કહોને?”

શુકદેવજીના આ વેધક સવાલનો જવાબ આપવા હવે ઉભા રહેવું નારદજીને યોગ્ય નહિ લાગ્યું. એટલે ત્યાંથી પોતાને રસ્તે પડી ગયા અને શુકદેવજી મિથીલાપુરના રસ્તે પ્રયાણ કરવા માંડ્યા. મિથીલાપુર પહોચ્યા ત્યાં તો તેમણે જોયું,

જગતમાં કન્યાનો શું તોટો?”
આ પ્રમાણે માયાનો પક્ષ લઈને યેનકેન પ્રકારે શુકદેવજીને સમજાવતા હતા, ત્યારે શુકદેવજીએ કહ્યું, “મહારાજ! તમે તો ‘પરોપદેશે પાન્ડીત્યમ’જેવું કરો છો. મને સંસારમાં રહેવાની ભલામણ કરો છો તો પછી પોતે શા માટે બ્રહ્મચારી રહ્યા તે કહોને?”

ઐરાવતની પીઠે શોભે, સુવર્ણ અંબાડી જેવી;
બાલયોગી શુકદેવે દુરથી દિઠી, મિથિલા એવી;
આજુબાજુ નવ દરવાજા, નકશીકામ કમાન મહિ;
ચૌદ ચોક, ચોર્યાસી ચૌટા, શોભા વરણી જાય નહિ;
નગરી મધ્યે જનકરાયનું, રાજ્યભુવન રૂડું ભાસે;
જેના ઊંચા સુવર્ણ શિખરો, અડી રહ્યા છે આકાશે;
પગથારો ચોમેર રૂપાળા, ઉપર પગથીયાની હારો;
મુખ્યદ્વારની રક્ષા કરતા, ઉભા નિરંતર પ્રતીહારો.

બાલયોગી શુકદેવજી મિથીલાપુર નગરીની આવી શોભા નિહાળતા નિહાળતા રાજદ્વાર સુધી આવી પહોચ્યા.

ક્રમશ..

---

# તાંબાનું દેગડું



બાઉલ કથા



લેફ્ટનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળની દામોદર નદીના દક્ષિણ કાંઠા પર સોમસર ગામના સીમાડે ફટીક દાસ બાઉલનો આશ્રમ છે. અમારે ત્યાં જવાનું હતું તેથી વર્ધમાન બાકુરા રોડ પર પશ્ચિમ બાજુ અમે પ્રવાસ કરી રહ્યા હતા. સોમસર જવા માટે આ રોડ પરથી જમણી તરફ વળાંક લેવાનો હતો પણ અમારા ચાલકને એમ લાગ્યું કે આપણે થોડા આગળ નીકળી ગયા છીએ. તેથી તે ઘેટા ચરાવતા એક રાખાલ(ભરવાડ)ને સોમસરનો માર્ગ પૂછ્યો. રાખાલ બોલ્યો, ‘આગળ નલડાંગા પાસે જમણે વળાંક લઈ પલાસડાંગા થઈને નીકળી જજો તો સોમસર આવી જશે.’

અમે તેના એંધાણ પર નલડાંગા અને પલાસ ડાંગા થઈ આગળ વધ્યા. હવે તો રસ્તો સાવ કાચો હતો. જેમ જેમ આગળ જતા હતા તેમ તેમ માર્ગ વધુ વિકટ થતો હતો. બધા વિઘ્નો વટાવી માંડ માંડ અમે નિયત સમય કરતાં ત્રણ કલાક મોડા બપોરે 3 વાગ્યે ફટિક દાસના આશ્રમે પહોંચ્યા. દાસ અમારી રાહ જોતા હતા. અમે સ્વસ્થ થયા પછી ફટીકે પૂછ્યું, ‘કેમ સતીશ! આટલા મોડા પડ્યા કે મોડા નીકળ્યા હતા? હું કંઈ જવાબ આપું તે પહેલાં તો મારા સહપ્રવાસી સુજાન સરકાર બોલી ઉઠ્યા, ‘અરે બાઉલ! એક રાખેલની દયા થઈ ગઈ’પછી તેણે આખી વાત વિસ્તારથી કહી.

બાઉલ બોલ્યો, રાખાલે તમને સાચો રસ્તો બતાવ્યો તે રસ્તો ટૂંકો છે, ઘેટા બકરા કે પગે ચાલીને જતાં માણસો માટે બરાબર છે, કારને માટે દુર્ગમ છે.’

સુજાન બોલ્યો, ‘બાઉલ! રાખાલના માર્ગે ચાલો તો આવી જ દશા થાય!’

બાઉલ બોલ્યા, ‘ના, તેવું નથી! તે પ્રજા સંવેદન સાથે કુદરતની ખૂબ નજીક જીવતી છે હું 16 -17 વર્ષનો હતો ત્યારે મારા ગુરુ સાથે અહીંથી વર્ધમાન મેળામાં જવા માટે ગયો હતો તે અનુભવ તમને કહું.

બાઉલ બોલ્યા, ‘આ સોમસર આશ્રમ મારા ગુરુની પ્રસાદી છે. તેમનું નામ અજીતદાસ હતું. બહુ વિચક્ષણ બાઉલ હતા. મેં કહ્યું તેમ તેમની સાથે હું વર્ધમાન મેળામાં જવા નીકળ્યો હતો, ત્યારે આ રોડ વગેરે નહોતું. અમે દામોદર નદીના કાંઠે કાંઠે મુસાફરી કરતા હતા. બીજે દિવસે રાત્રે અમે આતકુલ્યા ગામના સીમાડે, માના ફોરેસ્ટના છેડા પર પહોંચ્યા. ત્યાં રાત્રી પડી ગઈ હતી. અંધકાર થઈ ગયો હતો. તેથી ક્યાંક આશરો લેવા માટે સ્થાન શોધતા હતાં. તેવામાં દૂર એક ઝૂંપડીમાં દીવો દેખાયો. ગુરુએ કહ્યું, ‘ચાલ, ફટિક અહીં વિરામ કરીશું!’

ત્યાં જઈ અને જોયું તો તે એક ભરવાડની ઝૂંપડી હતી. ઝૂંપડીની બહાર 30 જેટલા ઘેટા હતા. ઝૂંપડીમાં બહાર ખુલે તેવી ઝાંપલી હતી. તે ઝૂંપડી તાડીના મોટા પાંદડાથી છાદેલી હતી, ઝુંપડી થોડી મોટી હતી. અમે ત્રણે તેમાં આરામથી સમાઈ જાય તો પણ જગ્યા વધે તેમ હતી. તે ઝૂંપડીમાં ભરવાડ એકલો રહેતો હતો. તેણે અમને આવકાર આપ્યો. ભાત રાંધવા માટે મંગાળો અને માટીનું વાસણ આપ્યું. ભાત તૈયાર થયાં ત્યારે સાથે ઘેટીનું દૂધ પણ આપ્યું. અમે જમ્યા.

મને લાગ્યું કે આ રાખેલ મહામૂર્ખ છે! તેની ઝૂંપડીમાં બધા જ એટલે કે ચારે વાસણો માટીના હતા જે વાસણો માટીના હતા તે તેણે ઘરમાં રાખ્યા હતા અને એક માત્ર તાંબાનું દેગડું હતું, તે ઝૂંપડીની બહાર ઝાંપલીની પાસે પડેલું હતું! કેવું વિચિત્ર! માટીના વાસણ હિફાજતપૂર્વક ઘરમાં અને તાંબાની દેગડી બહાર ખુલ્લામાં!

અમે બે ત્રણ બાઉલ ગીત ગાયા. પછી સુવાની તૈયારી કરતા હતા. રખાલ સાથે થોડી આત્મીયતા થઈ ગઈ એટલે મેં પૂછ્યું કે આ માટીના ચારે વાસણ સાચવીને અંદર ઘરમાં રાખ્યા છે અને તાંબાનું કિંમતી દેગડું બહાર કેમ રાખ્યું છે? કોઈ ઉઠાવી જશે તો?

રાખાલ બોલ્યો, ‘તે તાંબાનું વાસણ મારું ખબરી છે!’ મે કહ્યું, ‘ન સમજાયું’

રાખાલ બોલ્યો, ‘આવ છોટે બાઉલ! તે તને ત્યાં જઈને સમજાવું!’

તે મને ઝૂંપડીની બહાર લઈ ગયો. અને બોલ્યો, ‘જુઓ, આ વરસાદના દિવસો છે, ઝુંપડી પર વરસાદના થોડા છાંટા પડે કે તરત આ ખજૂરીની બનાવેલ નીકમાંથી પાણી આ તાંબાના વાસણમાં પડે તેનો અવાજ થાય એટલે તરત જ ઊંઘમાંથી ઉઠી જાઉં. બહાર ખુલ્લામાં રાખેલા બધા જ ઘેટાંઓને આપણી આ ઝુંપડીમાં અંદર લઈ આવું કે જેથી તેઓ બધા પલળવાથી બચે. તમે જ કહો ત્યાં તાંબાના દેગડાને બદલે હું માટીનું વાસણ મુકું તો તે તો સાવ મૂંગુ રહે, તે મને વરસાદ આવ્યાની જાણ કઈ રીતે કરે?

બાઉલ બોલ્યા, ‘હું તેની સામે અહોભાવથી આશ્ચર્યચકિત થઈ અને જોઈ રહ્યો!’

તે જ વખતે મેં પાછળ જોયું તો મારા ગુરુ ઉભા હતા. તેમણે મને જોઈને કહ્યું, ‘જો બેટા! આપણને પણ આ પાંચે કર્મેન્દ્રિયની હાંડી પૈકી એક હાંડી તો આવી તાંબાની આપી જ છે કે જે પહેલા ટીપે જ રણકાર કરીને જગાડી દે! જે આપણા એકધારા ચાલ્યા જ હતા ઘેટાં જેવા દિવસોને ભીના થઈ જતા બચાવવા તાકીદ કરે! આપણે તે તાંબાની દેગડીને ચોરાઈ જવાના ભયથી ખોટા સ્થાને સંતાડીને રાખીએ છીએ.’

જુઓ, આ વરસાદના દિવસો છે, ઝુંપડી પર વરસાદના થોડા છાંટા પડે કે તરત આ ખજૂરીની બનાવેલ નીકમાંથી પાણી આ તાંબાના વાસણમાં પડે તેનો અવાજ થાય એટલે તરત જ ઊંઘમાંથી ઉઠી જાઉં. બહાર ખુલ્લામાં રાખેલા બધા જ ઘેટાંઓને આપણી આ ઝુંપડીમાં અંદર લઈ આવું કે જેથી તેઓ બધા પલળવાથી બચે

હું સ્તબ્ધ બની ગુરુ, રાખાલ અને હાંડી સામું જોઈ રહ્યો! સમાપન કરતા ફટીક દાસ બાઉલ બોલ્યા, ‘બોલો! પોતાના મૂંગા પશુ માટે પણ આટલો વિચાર કરનાર આ રાખલ મૂર્ખ ક્યાંથી ?’

અમે દામોદર નદીનો ખળખળ અવાજ સાંભળવા લાગ્યા જાણે કે તે અમારા પર હસતી હતી!